ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### આરોપીના અશ્લીલ ઈશારાથી પરેશાન થઈ પતિને આપવીતી જણાવી

## પાદરાની હોટલમાં પરિણીતા પર પાડોશી યુવકનો બળાત્કાર

**વાતોમાં** ભોળવી રૂમમાં લઈ ગયો, ડરના માર્યા મૌન રહેલી મહિલાએ આખરે પતિને આપવીતી જણાવતાં ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા.7

પાદરા નગર વિસ્તારમાં રહેતી એક પરિણીત મહિલા સાથે નજીકમાં જ રહેતા યુવકે મિત્રતા કેળવી હોટલમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના સામે આવી છે. લોકલાજ અને સમાજમાં આબરૂ જવાની બીકે મૌન રહેલી મહિલાને આરોપી ફરી ઈશારા કરી હેરાન કરતો હોવાથી આખરે તેણે પતિને વાત કરી પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત અનુસાર, પાદરા વિસ્તારમાં રહેતી પરિણીતા પોતાના ઘરની નજીક જ રહેતા ઓમકાર ઉર્ફે ઓમ તેજલકુમાર ગાંધીના સંપર્કમાં આવી હતી. ઓમકારે પરિણીતા સાથે મિત્રતા કેળવી તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. ગત તા.૨૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે ૧૪:૦૦ વાગ્યાના સુમારે ઓમકારે મહિલાને ફોસલાવીને જાસપુર રોડ પર આવેલી 'હોટલ રોયલ સીટી'ના રૂમ નંબર ૫૧૯માં બોલાવી લઈ ગયો હતો. હોટલમાં પહોંચ્યા બાદ મહિલાને વાસ્તવિકતાનો ખ્યાલ આવતાં તેમણે ઘરે જવાની જિદ્દ કરી હતી.

જોકે, આરોપી ઓમકારે તેમને બળજબરીથી પકડી રાખી મરજી વિરુદ્ધ કૃત્ય કરી નાસી છૂટ્યો હતો. બનાવ બાદ ગભરાયેલી પરિણીતાએ ઘરમાં કે સમાજમાં આબરૂ ન જાય તે માટે આ અંગે કોઈને જાણ કરી ન હતી.

દરમિયાન, આરોપી સામે જ રહેતો હોવાથી પરિણીતા બોલતા ન હોવા છતાં આવતા-જતાં તેમની સામે જોઈને અશ્લીલ ઈશારા કરતો હતો. આથી પરિણીતાને ફરી પોતાની સાથે આવું કઈંક અઘટિત બનવાની ભીતિ લાગતાં તેમણે હિંમત એકઠી કરી પતિને સમગ્ર આપવીતી જણાવી હતી. ત્યારબાદ પતિ સાથે પાદરા પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

પાદરા પોલીસે આરોપી ઓમકાર ઉર્ફે ઓમ ગાંધી વિરુદ્ધ ગુનો નોંધી, પીએસઆઈ આર.આર. મિશ્રાએ આરોપીની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉક્ત બનાવ સંદર્ભે પાદરા પંથક માં ચકચાર મચી છે.

## પાદરામાં LCBનો દરોડો, વરલી મટકાનો જુગાર ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.7

વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે પાદરા ટાઉનમાં નગરપાલિકા ગેટ પાસે દરોડો પાડીને મોબાઈલ ફોન પર વોટ્સએપ મારફતે ચાલતા આંક-ફરકના વરલી મટકાના હાર-જીતના જુગારના અડ્ડાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી એક આરોપીને રોકડ રકમ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૨૬,૧૨૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે, જ્યારે વોટ્સએપ પર જુગાર રમતા અન્ય ચાર ગ્રાહકો દરોડા દરમિયાન મળી આવ્યા ન હોવાથી તમામ પાંચેય ઈસમો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, ખટકીવાડમાં રહેતો સમીર અયુબભાઈ મલેક નગરપાલિકા ગેટ પાસે ઊભો રહીને પોતાના મોબાઈલમાં વોટ્સએપ એપ્લિકેશન દ્વારા આંક-ફરકના વરલી મટકાનો જુગાર રમાડે છે.

### 30 દિવસમાં ૪ પર વાંદરાનો હુમલો, બાળકો-વડીલોની સુરક્ષા સામે સવાલ

## કરજણના કણભામાં કપિરાજનો આતંક, એક મહિનામાં ૪ પર હુમલા

**ગ્રામજનોની** ઉગ્ર માંગ, આક્રમક વાંદરાને ત્વરિત પાંજરે પૂરીને ગામને ભયમુક્ત કરો

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

કરજણ તાલુકાના કણભા ગામે છેલ્લા કેટલાક સમયથી એક આક્રમક વાંદરાએ આતંક મચાવ્યો છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ ગઈ છે. માત્ર એક જ મહિનાના ટૂંકા ગાળામાં આ વાંદરાએ અલગ-અલગ હુમલાઓમાં ૪ લોકોને ઈજા પહોંચાડી છે, જેથી સમગ્ર ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.



તાજેતરમાં કણભા ગામે રહેતી એક મહિલા પર આ આક્રમક વાંદરાએ અચાનક હુમલો કર્યો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. ઘાયલ મહિલાને તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેમની સારવાર દરમિયાન ૩૨ ટાંકા લીધા હતા. આ ઘટના બાદ ગામના લોકોમાં વન વિભાગ અને પ્રશાસન સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

વાંદરાના વધતા જતા ઉપદ્રવ અને સતત હુમલાઓને કારણે ગ્રામજનો હવે ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. ખાસ કરીને નાના બાળકો અને વડીલોની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે.

ગ્રામજનો દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં વન વિભાગ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. લોકોની માંગ છે કે આ આક્રમક વાંદરાને તાત્કાલિક ધોરણે પકડીને સુરક્ષિત જગ્યાએ અથવા પાંજરે પૂરવામાં આવે.

### બોડેલી પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

## બોડેલી પોલીસે ચલામલીમાં કરિયાણાની દુકાનમાં આગ લગાવનાર આરોપીઓને ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા.7

બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ચલામલી ગામે કરિયાણાની દુકાનના શટર આગળ જ્વલનશીલ પદાર્થ છાંટી આગ લગાવી દુકાનમાં રહેલા સામાનને નુકસાન પહોંચાડવાના ગુનાનો બોડેલી પોલીસે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, તા.23 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે ફરિયાદીની કરિયાણાની દુકાનના શટર આગળ જ્વલનશીલ પદાર્થ છાંટી આગ લગાવી હતી.




આગના કારણે દુકાનની અંદર રહેલા સામાનને આશરે રૂ.70 હજારનું નુકસાન થયું હતું. આ અંગે બોડેલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 326 (એફ), 326 (જી), 238 તથા 61 (2) (એ) મુજબ ગુનો નોંધાયો હતો. શરૂઆતમાં આરોપી અજાણ્યો હોવાથી ગુનો અનડીટેક્ટ રહ્યો હતો.

જિલ્લામાં નોંધાયેલા અનડીટેક્ટ ગુનાઓને ડીટેક્ટ કરવા તથા અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને બોડેલી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. બોડેલી પોલીસ ઈન્સ્પેક્ટર પી.એસ. બરંડાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે હ્યુમન સોર્સીસ અને ટેકનિકલ એનાલિસિસનો ઉપયોગ કરી તપાસ આગળ ધપાવી હતી.

પોલીસની સઘન તપાસના પરિણામે ગણતરીના દિવસોમાં દુકાનમાં આગ લગાવવાના ગુનામાં સંડોવાયેલા આરોપીઓને શોધી કાઢવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

## બોડેલીમાં તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો

**બોડેલીની** ૨૧ શાળાના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ કલાત્મક સ્પર્ધામાં ભાગ લીધો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 7

ગુજરાત સરકારના કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર ઉપક્રમે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, છોટા ઉદેપુર અને શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ બોડેલી સહયોગથી તાલુકા કક્ષાના 'કલા મહાકુંભ ૨૦૨૬-૨૭ નું ભવ્ય અને ઉત્સાહસભર આયોજન કરવામાં આવ્યું હતું. શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી (જૂની બિલ્ડીંગ) ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બોડેલી તાલુકાની ૨૧ શાળાના આશરે ૩૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ કલાત્મક સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. પ્રસંગે શાળાના આચાર્ય સુરેશભાઈ એસ. પટેલ, આચાર્ય સંઘના અધ્યક્ષ તથા મોરખલ શાળાના આચાર્ય રાજેશકુમાર વાઘેલા, નવજીવન શાળાના આચાર્ય એકનાથ જાદવ, હાઈસ્કૂલના આચાર્ય ફારૂકભાઈ ટપલા , T.P.E.ઓ અને બોડેલી કન્યા શાળાના આચાર્ય સંદીપભાઈ જયસ્વાલ, જીજ્ઞેશભાઈ પટેલ આચાર્ય ગુંડીચા હાઈસ્કૂલ સહિત શિક્ષણજગતના અગ્રણીઓ, મહાનુભાવો, શિક્ષકો તથા સાંસ્કૃતિક ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ટ્રાફિક પોલીસ દોડી આવી, ડમ્પર હટાવી વાહનવ્યવહાર પૂર્વવત્ કર્યો

## બોડેલી-ડભોઈ રોડ પર ડમ્પર બગડતાં ટ્રાફિક જામ સર્જાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.7

બોડેલી-ડભોઇ રોડ પર નર્મદા મુખ્ય નહેર બ્રિજ પાસે આજે સવારે રેતી ભરેલું ડમ્પર રસ્તાની વચ્ચે અચાનક બગડી જતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સવારના ઓફિસ ટાઈમ દરમિયાન રોડ પર વાહનોની ભારે અવરજવર રહેતી હોવાથી ડમ્પર બગડતાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જેના કારણે બોડેલી તેમજ ડભોઇ તરફ જતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.



નર્મદા મુખ્ય નહેર બ્રિજ પાસે રેતી ભરેલું ડમ્પર રસ્તાની વચ્ચે ખોટવાઈ જતાં બોડેલીથી ડભોઇ તરફ અને ડભોઇથી બોડેલી તરફ જતા વાહનોની અવરજવર પર અસર પડી હતી. પીક અવર્સ દરમિયાન જ આ બનાવ બનતાં પરિસ્થિતિ વધુ વણસી હતી. બંને તરફ વાહનો ધીમા ગતિએ પસાર થતાં ટ્રાફિકની લાંબી કતારો જોવા મળી હતી. કેટલાક વાહનચાલકોને લાંબો સમય ટ્રાફિકમાં અટવાઈ રહેવાની ફરજ પડી હતી.

ડમ્પર રસ્તાની વચ્ચોવચ્ચ ખોટવાઈ જતાં વાહનોને પસાર થવા માટે પૂરતી જગ્યા ન રહેતાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. આ દરમિયાન નાના વાહનો સહિત અન્ય વાહનોને પણ આગળ વધવામાં મુશ્કેલી પડી હતી. બ્રિજ વિસ્તાર હોવાથી બંને તરફથી આવતા વાહનોની સંખ્યા વધુ રહેતાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં પણ મુશ્કેલી ઊભી થઈ હતી.

## ડભોઈ સેવા સદનમાં મહેસૂલી કર્મચારીઓની હડતાળ

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 7

ડભોઈ તાલુકા સેવા સદન ખાતે મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જતાં મહેસૂલી કામગીરી પર અસર જોવા મળી રહી છે. ગુજરાતભરના મહેસૂલી કર્મચારીઓ પોતાની વિવિધ માંગણીઓને લઈને હડતાળ પર ગયા છે, જેના પગલે વડોદરા જિલ્લાના કર્મચારીઓની સાથે ડભોઈના મહેસૂલી કર્મચારીઓ પણ હડતાળમાં જોડાયા છે. કર્મચારીઓની હડતાળને કારણે સેવા સદનમાં કામગીરી ધીમી પડી છે અને વિવિધ કામો માટે આવતા અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

મહેસૂલી કર્મચારીઓ દ્વારા જિલ્લા ફેરબદલી અંગેની એનઓસીની પ્રથા બંધ કરવાની તેમજ તેની પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કર્મચારીઓ સામે થતી અન્યાયી કાર્યવાહી સહિતના મુદ્દાઓને લઈને કર્મચારીઓએ અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે.

ડભોઈ તાલુકા સેવા સદનમાં મહેસૂલી કર્મચારીઓની હડતાળના કારણે વિવિધ પ્રમાણપત્રો, મહેસૂલી કામગીરી અને અન્ય સરકારી કામકાજ માટે આવતા લોકોને મુશ્કેલી પડી રહી છે. કેટલાક અરજદારો કામની આશાએ સેવા સદન ખાતે પહોંચ્યા બાદ કર્મચારીઓ હડતાળ પર હોવાની જાણ થતાં ધરમધક્કા ખાઈ પરત ફરવા મજબૂર બન્યા હતા. પરિણામે સેવા સદન ખાતે સામાન્ય દિવસોની સરખામણીએ સન્નાટો જોવા મળી રહ્યો છે.

### ડીસએબીલીટી સ્ટડીઝ સહિતના સમકાલીન સંશોધન અભિગમો અંગે માર્ગદર્શન

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે સંશોધન કૌશલ્યોના વિકાસ માટે ત્રણ દિવસીય કાર્યશાળા યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા ખાતે અંગ્રેજી વિભાગ દ્વારા ફાઉન્ડેશન્સ ઓફ સ્કોલરલી રિસર્ચ વિષય પર ત્રણ દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ સંશોધન ક્ષેત્રે પ્રવેશી રહેલા સંશોધનાર્થીઓ તેમજ સંશોધન માર્ગદર્શકોને સંશોધનની મૂળભૂત બાબતો અને પદ્ધતિશાસ્ત્ર અંગે વ્યવહારુ તથા શૈક્ષણિક માર્ગદર્શન પૂરુ પાડવાનો હતો.

કાર્યશાળામાં પ્રો. દિલીપ બારડ, પ્રોફેસર એન્ડ હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર; પ્રો. સચિન કેતકર, પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ, મહારાજા સયાજીરાવ



યુનિવર્સિટી ઓફ બરોડા; પ્રો. સુનીલ શાહ, પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ, વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનિવર્સિટી, સુરત; ડૉ. ભાવેશ વણપરીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ કોઓર્ડીનેટર, ડીપાર્ટમેન્ટ ઓફ એચ.આર.ડી., વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા ડૉ. અનેરી આર્યા, આસિસ્ટન્ટ પ્રોફેસર (GES-II), ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ, સરકારી વિજ્ઞાન કૉલેજ, વરાછા, સુરત Surat જેવા નિષ્ણાતોએ ઉપસ્થિત રહી વિવિધ વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. આ ત્રણ દિવસ દરમિયાન સાહિત્ય સંશોધનની પદ્ધતિ અને સંશોધન પ્રસ્તાવ લેખન, એકેડેમિક રાઈટીંગ અને સાઈટેશન સ્ટાઈલસ, સંશોધનમાં એ.આઈ.નો નૈતિક ઉપયોગ અને કાર્યપદ્ધતિ, ડેટા અને મશીન ઈન્ટેલીજન્સ, ડીસએબીલીટી સ્ટડીઝ સહિતના વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સાધલીની PM શ્રી પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

**વિદ્યાર્થીઓએ** વિવિધ પ્રોજેક્ટો અને કૃતિઓ રજૂ કરી સર્જનાત્મકતાનો પરચો આપ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા. 7

સાધલીની પીએમ શ્રી પ્રાથમિક શાળા ખાતે સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું.જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયને લગતા વિવિધ પ્રોજેક્ટો તથા કૃતિઓ રજૂ કરી હતી. શિનોર તાલુકાના સાધલી ગામ ખાતે આવેલ પીએમ શ્રી પ્રાથમિક શાળા ખાતે સી.આર. સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું.

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયને લગતા વિવિધ પ્રોજેક્ટો તથા કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમનું પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શન દરમિયાન શિક્ષકો અને ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓના પ્રોજેક્ટોનું નિરીક્ષણ કરી તેમના પ્રયત્નોને બિરદાવ્યા હતા. કાર્યક્રમ માં વડોદરા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન માંથી લાયઝન લેક્ચરર શ્રી.રમેશ ભાઈ ગોરેયા તેમજ સ્લીપ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર હિતેશ ભાઈ તેમજ ડોક્ટર મહેતાબ ભાઈ તેમજ અન્ય શાળા ના શિક્ષકો વિધાર્થીઓ હાજર રહ્યા હતા.

આવા શૈક્ષણિક પ્રદર્શનોના આયોજનથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, સંશોધનાત્મક વૃત્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.

## સાવલી તાલુકામાં સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનાર સામે પોક્સો ગુનો

(પ્રતિનિધિ) સાવલી, તા.7

સાવલી તાલુકાના એક ગામમાં પિતા સાથે મજૂરી કરીને જીવન ગુજારતી સગીરાને યુવક લગ્નની લાલચ આપી પટાવી-ફોસલાવી ભગાડી ગયો હોવાની ફરિયાદ ભાદરવા પોલીસ મથકે નોંધાઈ છે. ફરિયાદ મુજબ તા. 25 સપ્ટેમ્બર 2026ના રોજ રાત્રે આશરે 2:30 વાગ્યે યુવક સગીરાને ભગાડી ગયો હતો. ત્યારબાદ પરિવારજનોએ સગીરાની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. જેથી પિતાએ ભાદરવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવક વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી સગીરાની શોધખોળ તથા આરોપીની ધરપકડ માટે તપાસ હાથ ધરી છે.

## ડભોઈ નગરપાલિકામાં નવા O.S. તરીકે સંદીપ દરજીની નિમણૂક

**ડભોઇ** નગરપાલિકામાં વહીવટી વિભાગમાં મોટો ફેરફાર

(પ્રતિનિધિ) ડભોઈ, તા.7

ડભોઈ નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ (O.S.) તરીકે ફરજ બજાવતા મહેશભાઈ પરમારની જગ્યાએ હવે દરજી સંદીપ ઉર્ફે 'સેન્ડી'ની નિમણૂક કરવામાં આવી છે. નગરપાલિકામાં નવા ચીફ ઓફિસર તરીકે વિરાજ શાહની નિમણૂક બાદ વહીવટી સ્તરે ફેરફારોનો દોર શરૂ થયો છે, જેના ભાગરૂપે O.S.ની જવાબદારીમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

મહેશભાઈ પરમારના કાર્યકાળ દરમિયાન કચેરીની કામગીરી સુચારુ રીતે ચાલી રહી હતી. કર્મચારીઓ તેમજ અરજદારો સાથે સંકલન જાળવી વિવિધ કામગીરી કરવામાં આવતી હતી. હવે નવી જવાબદારી સંદીપ દરજીને સોંપવામાં આવતા નગરપાલિકાના વહીવટી તંત્રમાં વધુ એક ફેરફાર થયો છે.

સંદીપ દરજી ઉર્ફે 'સેન્ડી'ને ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ તરીકેની જવાબદારી મળતાં નગરપાલિકાના કર્મચારીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી. નવી જવાબદારી સંભાળ્યા બાદ કચેરીની દૈનિક કામગીરી વધુ સુવ્યવસ્થિત રીતે થાય તેમજ અરજદારોના કામોનો ઝડપી નિકાલ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ચીફ ઓફિસર વિરાજ શાહના માર્ગદર્શન હેઠળ સંદીપ દરજી દ્વારા કર્મચારીઓ સાથે સંકલન સાધી કચેરીની કામગીરીને વધુ અસરકારક બનાવવામાં આવે તેવી અપેક્ષા છે.

## રામાનંદ પાર્કમાં નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારીઓ

(પ્રતિનિધિ) દાહોદ, તા.7

શ્રી રામજી મહારાજ મંદિર ટ્રસ્ટ રામાનંદ પાકે દાહોદ ના મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજ ના સાનિધ્ય માં રામાનંદ પાકે સેવા સમિતિ. સનાતન વલ્ડ પરિવાર દાહોદ તથા રામાનંદ પાકે મહીલા મંડળ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે સાથે ધાર્મિક અને સામાજિક સેવા ઓ તથા રાષ્ટ્રીય તહેવારો અને સનાતન ધર્મ ની જાગૃતિ માટે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.ચાલુ વર્ષે માં શક્તિ આરાધના ના પવે નવરાત્રી મહોત્સવની નવલી નવરાત્રીને ઉજવવા ખેલૈયાઓમા થનગનાટ જોવા મળી રહ્યો છે રામાનંદ પાકે ખાતે નવરાત્રી મહોત્સવ અંતર્ગત ગરબા રમવા માટે ની સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે.

## બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડમાં વડોદરાના ૪ ખેડૂતોનું સન્માન



(પ્રતિનિધિ) શિનોર, તા. 15

તાજેતરમાં રાજ્યપાલ મુખ્યમંત્રી તથા કૃષિ મંત્રીના અધ્યક્ષસ્થાને સમગ્ર ગુજરાત રાજ્યના પ્રગતિશીલ ખેડૂતોને વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં વડોદરા જિલ્લાના ચાર પ્રગતિશીલ ખેડૂતોને વિવિધ વિષયોમાં બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલા સમારોહમાં પસંદગી પામેલ ખેડૂતોને પ્રમાણપત્ર, ઈનામની રકમ તથા શાલ ઓઢાડીને કૃષિ મંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

વડોદરા જિલ્લાના સન્માનિત ખેડૂતોમાં પાદરા તાલુકાના જાદવ ગીરીશભાઈ નારણભાઈ, શિનોર તાલુકાના પટેલ આકાશદીપ પ્રવીણભાઈ, વાઘોડિયા તાલુકાના વૈદ નિખીલેશ જયેશભાઈ તથા ડેસર તાલુકાના મોહનભાઈ નાનાભાઈ નારગાવેનો સમાવેશ થાય છે. વડોદરા જિલ્લાના ચારેય પ્રગતિશીલ ખેડૂતોને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ આત્મા વિભાગ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા જિલ્લા તંત્ર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### ખેડૂતોને વિવિધ સેવાઓ અને યોજનાકીય માર્ગદર્શનથી લાભાન્વિત કરાયા

## સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત વડોદરા જિલ્લામાં ૬૬ ગામોમાં પશુ આરોગ્ય સેવાઓનો લાભ અપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા જિલ્લા પશુપાલન શાખા દ્વારા સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના કુલ ૮ તાલુકાઓના આશરે ૬૬ ગામોમાં પશુ આરોગ્ય સારવાર, રોગપ્રતિરોધક સેવાઓ તેમજ પશુપાલન વિષયક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સેવાસેતુ કાર્યક્રમમાં આશરે ૨,૫૮૦ પશુપાલકો તથા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પશુપાલન ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.

સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન ગાય, ભેંસ સહિતના કુલ ૩,૯૩૭ પશુઓને આવરી લેવામાં આવ્યા હતા. જેમાંથી ૨,૫૧૯ પશુઓને વિવિધ રોગોની સારવાર અર્થે



મેડિસિન કેસ હેઠળ સારવાર આપવામાં આવી હતી, જ્યારે ૧,૪૧૮ પશુઓને જાતીય અને પ્રજનન સંબંધિત સારવાર તથા જરૂરી પશુચિકિત્સા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

આ ઉપરાંત, પશુઓમાં રોગપ્રતિકારક ક્ષમતા જળવાઈ રહે અને આરોગ્યની સ્થિતિમાં સુધારો થાય તે હેતુસર આશરે ૧૦,૪૦૮ પશુઓને કૃમિનાશક દવાઓ આપવામાં આવી હતી. તેમજ પશુઓની પ્રજનનક્ષમતામાં સુધારો લાવવાના હેતુથી ૧૫૬ પશુઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત સીમનનો ઉપયોગ કરીને કૃત્રિમ બીજદાનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન પશુપાલકો અને ખેડૂતોને પશુપાલન વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ સહાયકારી યોજનાઓ, યોજનાઓ હેઠળ મળવાપાત્ર લાભો તેમજ તેનો લાભ મેળવવા માટેની પ્રક્રિયા અંગે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આથી ગ્રામ્ય વિસ્તારના પશુપાલકોને સરકારી યોજનાઓ સાથે જોડાવા તથા ઉપલબ્ધ સેવાઓનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહન મળ્યું હતું.